# સેક્રેટરી ઓફિસ, સુરત

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૭
તા.૩૦-૩-૨૦૧૯

**પ્રથમ અપીલ ક્રમાંકઃ ૨૦૧૯/૪**

**વિવાદી :–**
શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબ

**વિરુધ્ધ**

**પ્રતિવાદી :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત

**વિષયઃ** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબની તા.૨૨–૧૧–૨૦૧૮ ની મુળ અરજી આઈ.ડી.૨૦૧૦ બાબત.

**સંદર્ભઃ** શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબની તા.૫–૩–૨૦૧૯ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧. એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન)નો તા.૨૬–૧૧–૧૮ નો પત્ર નં.સી.સી.સી./સી.ઝેડ/આર.ટી.આઈ/આઉટ–૨૦૧૦

૨. શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબની તા.૨૨–૧૧–૨૦૧૮ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જા.મા.અ.શ્રી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૨૦૧૦. (નમુનો–ક).

૩. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૧૫–૧૨–૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૩૧૧ (નમુનો–ખ).

૪. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૧૯–૧૨–૧૮ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/ આઉટ/૨૦૧૮/૩૧૬ (નમુનો–ગ).

૫. એકસીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૧૧–૩–૧૯ નો પત્ર નં.સી.સી.સી. /સી.ઝોન/આઉટ–૩૭૯ (નમુનો–ઘ)

૬. શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબની તા.૫–૩–૨૦૧૯ ના રોજ મ્યુ.કમિશનરશ્રી/અપીલ અધિકારીને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ

૭. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૨૮–૩–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૧૯/

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદી/અરજદારશ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબ,

તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ તા.૨૨–૧૧–૨૦૧૮ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અરજી કરી **મુદ્દા નં.૧ થી ૫૬** ની માહિતી આપવા જણાવેલ. જે અરજી આઈ.ડી.નં.૨૦૧૦ થી નોંધાયેલ હતી.

સદર અરજી એક્ઝીક્યુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરા ધ્વારા તા.૨૬–૧૧–૨૦૧૮ ના રોજ નમુનો–ઘ થી જાહેર માહિતી અધિકારી, સેક્રેટરી વિભાગ સહિત કુલ–૮ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીઓને તબદીલ કરવામાં આવેલ હતી.

સદર અરજીથી માંગેલ માહિતીના અનુસંધાનમાં સેક્રેટરી ઓફિસને લાગત દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી પુરી પાડવા માટે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીએ તા.૧૫–૧૨–૨૦૧૮ ના રોજ પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૩૧૧ થી વિવાદીશ્રીને માહિતી મેળવવા જરૂરી ફી ભરવાનો પત્ર(નમૂનો–ખ) લખેલ હતો જે અન્વયે વિવાદીશ્રીએ તા.૧૭–૧૨–૨૦૧૯ ના રોજ જરૂરી ફીની ભરપાઈ કરતા, સેક્રેટરી ઓફિસને લાગત અરજીના મુદ્દા નં.૨, ૧૦, ૧૧, ૧૭, ૨૬ અને ૩૪ ની માહિતી (આંશિક)(કુલ પાના નંગ–૧૯) વિવાદીશ્રીને તા.૧૯–૧૨–૨૦૧૮ ના પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૩૧૬ (નમૂનો–ગ) થી નિયત સમયમર્યાદા (દિન–૩૦) માં પુરી પાડેલ હતી.

વિવાદીશ્રીએ આર.ટી.આઈ. એક્ટ હેઠળ કરેલ અરજીમાં ૧ થી ૫૬ મુદ્દા હોય નમુનો–ક વંચાણે લઈ, નહિં મળેલ માહિતીની નકલ વિના મુલ્યે આપવા તા.૫–૩–'૧૯ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી/ અપીલ અધિકારીશ્રીને ઉદ્દેશીને પ્રથમ અપીલ કરેલ છે.

સદર અપીલ અત્રેની ઓફિસ સહિત કુલ–૮ વિભાગના અપિલ અધિકારીઓને એકસીક્યુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્રના તા.૧૧–૩–૧૯ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ–૩૭૯(નમુનો–ઘ)થી ટ્રાન્સફર કરેલ, જે અપીલ અત્રેની કચેરીએ તા.૧૩–૩–૨૦૧૯ ના રોજ મળેલ છે. વિવાદીશ્રીની અપીલ અરજી અન્વયે સેક્રેટરી ઓફિસને લાગત બાબતેની માહિતી માટે પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીએ તા.૨૬–૩–૨૦૧૯ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૬ થી પ્રતિવાદી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસને, ઉક્ત માહિતી માંગતી અરજી(આઈ.ડી.૨૦૧૦)અનુસંધાને કરેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ તાકીદે રજૂ કરવા જણાવેલ. જે અન્વયે પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસએ તા.૨૮–૩–૨૦૧૯ ના રોજ અપીલ અંગેની જરૂરી બિડાણો /પુરાવાઓ સહિત આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે.

પ્રતિવાદીશ્રીએ જણાવેલ કે, વિવાદીશ્રીની માહિતી માંગતી અરજી સંદર્ભે સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડને આધારિત અરજીના લાગુ પડતા મુદ્દા નં.૨,૧૦,૧૧,૧૭, ૨૬ અને ૩૪ ની માહિતી (આંશિક)નિયત સમયમર્યાદામાં પુરી પાડેલ હોય અને એક્ટની કલમ–૧૯(૧)અન્વયે વિવાદીશ્રીએ સેક્રેટરી ઓફિસ ખાતે કરવાની થતી પ્રથમ અપીલ અંગેની નિયત સમયમર્યાદા પુર્ણ થયા બાદ એટલે કે, માહિતી મળ્યેથી આશરે ૭૦ થી પણ વધુ દિવસ વિત્યા બાદ અરજીમાં ૧ થી ૫૬ મુદ્દા હોય નમુનો–ક વંચાણે લઈ, નહિં મળેલ માહિતીની નકલ વિના મુલ્યે આપવા મ્યુ.કમિશ્નરશ્રી/ અપીલ અધિકારીશ્રીને ઉદ્દેશીને અપીલ કરવામાં આવેલ છે જેથી સેક્રેટરી ઓફિસ ધ્વારા હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી જેથી સદર અપીલ દફતરે કરવા વિનંતી કરેલ છે.

વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી  તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

" વિવાદીશ્રી શ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબની તા.૨૨–૧૧–૧૮ ની મૂળ અરજી (આઈ.ડી.૨૦૧૦)ના મુદ્દા નં.૧ થી ૫૬ અન્વયે માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડને આધારિત અરજીના લાગુ પડતા મુદ્દા નં.૨, ૧૦, ૧૧, ૧૭, ૨૬ અને ૩૪ ની માહિતી(આંશિક) બાબતે પ્રતિવાદી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી ધ્વારા પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/૨૦૧૮/૧૬, તા.૧૯–૧૨–૧૮ થી નિયત સમય મર્યાદામાં પાઠવવામાં આવે પ્રત્યુતર યથાયોગ્ય રાખવામાં આવે છે તેમજ વિવાદીશ્રીએ સેક્રેટરી ઓફિસ ખાતે કરવાની થતી પ્રથમ અપીલ અંગેની નિયત સમયમર્યાદા પૂર્ણ થયા બાદ એટલે કે, માહિતી મળ્યેથી આશરે ૭૦ થી પણ વધુ દિવસ વિત્યા બાદ તેમણે અરજીમાં ૧ થી ૫૬ મુદ્દા હોય નમુનો–ક વંચાણે લઈ, નહિં મળેલ માહિતીની નકલ વિના મુલ્યે આપવા મ્યુ.કમિશનરશ્રી/ અપીલ અધિકારીશ્રીને ઉદ્દેશીને અપીલ કરવામાં આવેલ છે. જે સમગ્રયતા ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતો માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેક્ટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

સહી/

(સ્વાતી બી. દેસાઈ)
પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

**નકલ રવાના :–**

ન.ર. :– અરજદારશ્રી આઝાદ મો.રીઝવાન અબ્દુલ રબ પ્રતિ,
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ,
સા.ર.:– સેક્શન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.

૩૫

# સેક્રેટરી ઓફિસ, સુરત


ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૨૧૪.


RIGHT TO INFORMATION

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૯
તા. ૧૪–૫–૨૦૧૯

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૧૯/૫**

**વિવાદી :–**
શ્રી સરફરાઝ એ.નકશીવાલા

**વિરુધ્ધ**

**પ્રતિવાદી :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત

**વિષય:** આર.ટી.આઈ. એક્ટ હેઠળ શ્રી સરફરાઝ એ.નકશીવાલાની તા.૧૫–૧૦–૨૦૧૮ ની અરજી આઈ.ડી.૧૭૬૦ બાબત.

**સંદર્ભ:** (૧) વિવાદીશ્રીની અરજી તા.૩૧–૧૨–૨૦૧૮ ની પ્રથમ અપીલ અરજી.
(૨)તા.૧–૪–૨૦૧૯ ના રોજ મુખ્ય અધિકારીશ્રી, આર.ટી.આઈ. સેલને ઉદ્દેશીને કરવામાં આવેલ રજુઆત.

**વંચાણમાં લીધું:**

૧. અરજદારશ્રી સરફરાઝ એ.નકશીવાલાની તા.૧૫–૧૦–૨૦૧૮ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જા.મા.અ.,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૧૭૬૦.(નમુનો–ક)

૨. શ્રી સી.વાય.ભટ્ટ, ડે.મ્યુ.કમિશ્નર અને નોડલ ઓફિસર, આર.ટી.આઈ. સેલનો તા.૪–૪–૧૯ નો પત્ર આર.ટી.આઈ.સેલ/૦૫.

૩. વિવાદીશ્રી સરફરાઝ એ.નકશીવાલાની તા.૧–૪–૨૦૧૯ ના રોજ મુખ્ય અધિકારી, આર.ટી.આઈ. સેલ અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અંગેની અરજી.

૪. વિવાદીશ્રી સરફરાઝ એ.નકશીવાલા ધ્વારા મ્યુ.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.

૫. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૧૦–૪–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૫૮(નમુનો–ગ)

૬. ઈ.ચા.પી.એ.ટુ મેયરશ્રીનો તા.૯–૪–૨૦૧૯ નો પત્ર નં.એમ./૧

૭. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૧૦–૪–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૫૭(નમુનો–ઘ)

૮. એકસીકયુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૨૯–૧૨–૧૮ નો પત્ર નં.સી.સી.સી. /સી.ઝોન/આઉટ–૩૦૪ (નમુનો–ઘ)

૯. વિવાદીશ્રી સરફરાઝ એ.નકશીવાલાનું તેમની પ્રથમ અપીલ અરજી અંગે શ્રી પી.ડી.મુનશી, પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોનને ઉદ્દેશીને કરેલ નિવેદન.

૧૦.જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૧૨–૪–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૬૧

**<u>ફરીયાદની હકીકત :–</u>**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદીશ્રી [redacted] શ્રી સરફરાઝ એ.નકશીવાલા, સુરતની (૧)તા.૧૫–૧૦–૨૦૧૮ ની આર.ટી.આઈ. હેઠળની અરજી અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૮ ની પ્રથમ અપીલ બાબતે (૩) મુખ્ય અધિકારી, આર.ટી.આઈ.સેલને ઉદ્દેશીને કરવામાં આવેલ રજુઆત નં.CCC/CZ/Out/2, તા.૧–૪–૨૦૧૯ અન્વયે ડેપ્યુટી મ્યુ.કમિશ્નર અને નોડલ ઓફિસર, રાઈટ ટુ ઈન્ફર્મેશન સેલ, સુરત મહાનગરપાલિકાનો તા.૪–૪–૨૦૧૯ ના રોજનો પત્ર નં.આર.ટી.આઈ.સેલ/૦૫, (૧)સેક્રેટરી અને અપીલ અધિકારી(સેક્રેટરી વિભાગ) અને (૨) જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી(સેક્રેટરી વિભાગ)ને તા.૫–૪–૨૦૧૯ ના રોજ મળેલ છે. જેમાં જણાવેલ વિગતે વિવાદીશ્રીની રજુઆત અર્થે ઘટિત કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે. આમ, વિવાદીશ્રીની તા.૩૧–૧૨–૨૦૧૮ ના રોજની પ્રથમ અપીલ અરજી નિયત સમય મર્યાદા બાદ તા.૫–૪–૨૦૧૯ ના રોજ એટલે કે, આશરે ૯૫ દિવસ બાદ પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સક્રેટરીને મળેલ છે.

ઉપરોક્ત બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી અને અંગત મદદનીશશ્રી તા.૧૨–૪–૨૦૧૯ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૬૧ અન્વયે અત્રેની કચેરીને બિડાણ કરેલ પુરાવાઓ (નમુનો–ગ) અને (નમુનો–ઘ) સહિત જણાવેલ છે કે, માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળની વિવાદીશ્રીની તા.૧૫–૧૦–૨૦૧૮ ની માહિતી માંગતી અરજી નિયત સમય મર્યાદા બાદ તા.૫–૪–૨૦૧૯ ના રોજ એટલે કે, આશરે ૧૭૨ દિવસ બાદ જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસને મળેલ છે.

સદર અરજી મળ્યેથી જાહેર માહિતી અધિકારીશ્રી અને અંગત મદદનીશશ્રીએ આર.ટી.આઈ. હેઠળની અરજીના સેક્રેટરી ઓફિસને લાગુ પડતા મુદ્દા નં.(૧)(આંશિક)ના અનુસંધાને વિવાદીશ્રીને માહિતી પુરતી પાડવા અર્થે તા.૯–૪–૨૦૧૯ ના રોજ પી.એ.ટુ.મેયરશ્રીને ઉદ્દેશીને કરેલ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૫૬ થી વિવાદીશ્રીએ તા.૪–૮–૨૦૧૮ ના રોજ મા.મેયરશ્રીને કચેરીએ કરેલ અરજીના સંદર્ભમાં કરવામાં આવેલ કાર્યવાહીની વિગતોની માહિતી માંગેલ હતી.

ઈ.ચા.પી.એ.ટુ. મેયરશ્રીએ તા.૯–૪–૨૦૧૯ ના રોજ પત્ર નં.એમ./૧ ધ્વારા જાહેર માહિતી અધિકારીશ્રી અને અંગત મદદનીશશ્રીને તેમના ઓફિસ(મેયરશ્રીની કચેરી)ના રેકર્ડ અનુસાર માહિતી જણાવેલ હતી. જે ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીએ આર.ટી.આઈ. હેઠળની અરજીના સેક્રેટરી ઓફિસને લાગુ પડતા મુદ્દા નં.(૧)(આંશિક)ના અનુસંધાને તા.૧૦–૪–૨૦૧૯ ના રોજ પત્રનં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૫૮ થી નમુનો–ગ માં સેક્રેટરી ઓફિસના દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી આપવામાં આવેલ હતી.

તદ્ઉપરાંત જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીએ મેયરશ્રીની કચેરીના ઉપરોક્ત પત્ર ધ્યાને લઈ, વિવાદીશ્રીને માહિતી પુરી પાડવાના હેતુસર તેમની તા.૧૫–૧૦–૨૦૧૮ ની જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૧૭૬૦.(નમુનો–ક), જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોનને તા.૧૦–૪–૨૦૧૯ ના રોજ નમુનો–ઘ માં તબદીલ(આંશિક) કરી સદર અરજીનો સેક્રેટરી ઓફિસ તરફે નિકાલ કરેલ છે.

**આમ, વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વાદી તેમજ પ્રતિવાદીશ્રી રજુઆતો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**હુકમ**

**" વિવાદીશ્રી સરફરાઝ એ.નકશીવાલાની તા.૧૫–૧૦–૧૮ની મૂળ અરજી (આઈ.ડી.૧૭૬૦)ના મુદ્દા નં.૧ થી ૧૦ અન્વયે માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડને આધારિત અરજીના અત્રેની કચેરીના લાગુ પડતા મુદ્દા નં.૧ (આંશિક) ની માહિતી પ્રતિવાદી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ તરફથી પુરી પાડવામાં આવેલ છે તેમજ લાગત વિભાગને આંશિક તબદીલ પણ કરવામાં આવેલ છે. જે સમગ્રયતા ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબત માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

સહી/–

**(સ્વાતી બા. દસાઇ)**
**પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

<u>નકલ રવાના :–</u>

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી સરફરાઝ એ.નકશીવાલા પ્રતિ.....જાણ સારૂ.

# સેક્રેટરી ઓફિસ, સુરત

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૨૧૪.

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૧૧
તા.૨–૭–૨૦૧૯

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૧૯/૭**

**વિવાદી :–**
શ્રી સંજય વિ.સવાણી

**વિરુધ્ધ**

**પ્રતિવાદી :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી સંજય વી.સવાણીની તા.૧૨–૪–૨૦૧૯ ની અરજી આઈ.ડી.૫૪ બાબત.

**સંદર્ભ:** વિવાદીશ્રીની અરજી તા.૧૩–૫–૨૦૧૯ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું :**

૧. અરજદારશ્રી સંજય વી.સવાણીની તા.૧૨–૪–૨૦૧૯ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની સુરત મહાનગરપાલિકા ઈસ્ટ ઝોનને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૫૪.

૨. જા.મા.અ. અને ડે.ઈજનેર–અ.(જન),વરાછા ઝોનનો તા.૧–૫–૨૦૧૯ નો પત્ર નં.ઈસ્ટઝોન/આર.ટી.આઈ.સેલ/જાવક નં.૧૩૦

૩. જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસનો તા.૪–૫–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૭૬ (નમુનો–ઘ)

૪. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૧૭–૫–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૮૫ (નમુનો–ગ)

૫. અરજદારશ્રી સંજય વી.સવાણી ધ્વારા તા.૧૩–૫–૨૦૧૯ ના રોજ અપીલ સત્તાધિકારી, ચીફ ઝોનલ સાહેબ, વરાછા ઝોનને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ

૬. અપીલ સત્તાધિકારી અને કાર્યપાલક ઈજનેર–એ, વરાછા ઝોનનો તા.૧૮–૫–૧૯ નો પત્ર ઈસ્ટ ઝોન/આર.ટી.આઈ.સેલ/ જાવક નં.૨૨૫ (નમુનો–ઘ)

૭. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૧૩–૬–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૯૧

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદીશ્રી સંજય વી.સવાણી સુરત. તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ (૧) હેઠળ તા.૧૨–૪–૨૦૧૯ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, ઈસ્ટ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અરજી કરેલ હતી.

જે અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી–એ.(જન.), પૂર્વ ઝોન (વરાછા), સુરત મહાનગરપાલિકાએ તેમના તા.૧–૫–૨૦૧૯ ના પત્ર નં.ઈસ્ટઝોન/આર.ટી.આઈ./જાવક નં.૧૩૦ થી અન્ય ચાર જાહેર માહિતી અધિકારીઓ સહિત અત્રેની કચેરીને તબદીલ કરેલ હતી, જે અરજી અત્રેની કચેરીને તા.૨–૫–૨૦૧૯ ના રોજ મળેલ. સદર અરજીના મુદ્દા નં.(ય) થી માંગેલ માહિતીના અનુસંધાનમાં અત્રેની કચેરીના તા.૪–૫–૨૦૧૯ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૭૬ થી સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી, હિસાબી ખાતુ, સુરત મહાનગરપાલિકાને આંશિક તબદીલ કરેલ હતી. ત્યારબાદ, સદર અરજીના મુદ્દા નં.(ય) (આંશિક) થી માંગેલ સેક્રેટરી ઓફિસને લાગત દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતીના અનુસંધાનમાં અત્રેની કચેરીએથી નિયત સમયમર્યાદામાં તા.૮–૫–૨૦૧૯ ના પત્ર નં. આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૭૯ થી અરજદારશ્રીને માહિતી મેળવવા જરૂરી ફી ભરવાનો પત્ર (નમૂનો–ખ) લખેલ હતો તથા નિયત સમયમર્યાદા પૂર્ણ થઈ ગયા બાદ અરજદારશ્રીએ તા.૧૩–૫–૨૦૧૯ ના રોજ માહિતી મેળવવા માટેની જરૂરી ફીની ભરપાઈ પૂર્વ ઝોન (વરાછા) ખાતે કરતા તથા ફી ભર્યા અંગેની રસીદ અત્રેની કચેરીને મળતા અત્રેથી સેક્રેટરી ઓફિસને લાગત ઉપલબ્ધ રેકર્ડને આધારે અરજીના મુદ્દા નં.(ય)ની આંશિક માહિતી તા.૧૭–૫–૨૦૧૯ ના પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૮૫ (નમૂનો–ગ) થી અરજદારશ્રીને પુરી પાડેલ હતી.

સબબ, વિવાદીશ્રીએ તેમની અરજી અન્વયે કુલ ૧ થી ૨૮ અલગ અલગ મુદ્દાઓ જણાવી તા.૧૩–૫–૧૯ ના રોજ અપીલ સત્તાધિકારી, ચીફ ઝોનલ સાહેબ પુર્વ ઝોન(વરાછા), સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને પ્રથમ અપીલ કરેલ છે.

સદર અપીલ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર–એ, વરાછા ઝોનએ અત્રેની ઓફિસ સહિત કુલ–૬ અપીલ અધિકારીઓને તા.૧૮–૫–૧૯ ના પત્ર નં.ઈસ્ટઝોન/ આર.ટી.આઈ.સેલ/ જાવક નં.૨૨૫(નમુનો–ઘ)થી ટ્રાન્સફર કરેલ હતી. વિવાદીશ્રીની અપીલ અરજી અન્વયે સેક્રેટરી ઓફિસને લાગત બાબતેની માહિતી માટે પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીએ તા.૧૨–૬–૨૦૧૯ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ /આઉટ/૨૦૧૯/૧૦ થી પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજી(આઈ.ડી.૫૪)માં જણાવેલ વિગતે તેને સંલગ્ન જરૂરી પેપર્સો સહિત કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ તાકીદે રજુ કરવા જણાવેલ. જે અન્વયે પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસએ તા.૧૩–૬–૨૦૧૯ ના રોજ અપીલ અંગેની જરૂરી બિડાણો /પુરાવાઓ સહિત આધારસહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે.

પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીએ તા.૧૨–૬–૨૦૧૯ ના પત્ર નં.આર.ટી.આઈ. /સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૧૦ થી તા.૧૫–૬–૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ સુનવણીમાં વિવાદીશ્રી સંજય વિ.સવાણી તેમજ પ્રતિવાદી તરફે જા.મા.અ. અને અંગત મદદનીશશ્રી સહદેવસિંહ એસ. ઝાલા હાજર રહેલ. સુનવણી દરમ્યાન પ્રતિવાદી તરફથી રજુ કરેલ પુર્તતા અહેવાલમાં જણાવેલ તમામ વિગતો સાબિતી સહ વિવાદી સમક્ષ રજુ કરેલ હતી. જે તમામ પુરાવાઓ વિવાદીશ્રીએ ગ્રાહય રાખ્યા હતા.

વિવાદીશ્રી સંજય વિ.સવાણીએ સુનવણી દરમ્યાન પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીને ઉદ્દેશીને કરેલ લેખિત નિવેદન ધ્વારા જણાવ્યું કે, તા.૧૨–૪–૨૦૧૯ ના રોજ ની મૂળ અરજી આઈ.ડી.નં.૫૪ ના સેક્રેટરી ઓફિસને લાગત બાબતેના અરજીના મુદ્દા નં.(ય)(આંશિક)ની માહિતી જા.મા.અ. અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ ધ્વારા તા.૧૭–૫–૨૦૧૯ ના પત્રનં.આર.ટી.આઈ./સેક્રેટરી/ આઉટ/૨૦૧૯/૮૫ અન્વયે સમય મર્યાદામાં મળી ગયેલ છે. અપીલ અન્વયે સેક્રેટરી ઓફિસ પાસે કોઈપણ માહિતી મેળવવાની બાકી નથી અને મળેલ માહિતી પ્રત્યે સંતોષ છે અને સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે અપીલ અરજી અપીલ દફતરે કરવા વિનંતી કરેલ છે.

**વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વિવાદીશ્રી/પ્રતિવાદીશ્રીએ કરેલ અરજી/રજુઆતો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

**" વિવાદીશ્રી સંજય વિ.સવાણીની તા.૧૨–૪–૧૯ની મૂળ અરજી (આઈ.ડી.૫૪)ના મુદ્દા નં.(ક) થી (સ) અન્વયે માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડને આધારિત અત્રેની કચેરીના લાગુ પડતા અરજીના મુદ્દા નં.(ય)ની (આંશિક) માહિતી પ્રતિવાદી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ તરફથી પુરી પાડવામાં આવેલ છે તેમજ લાગત વિભાગને આંશિક તબદીલ પણ કરવામાં આવેલ છે. જે પાઠવવામાં આવેલ પ્રત્યુતર યથાયોગ્ય રાખવામાં આવે છે તેમજ રૂબરૂ સુનાવણી વખતે વિવાદીશ્રીની લેખિત રજુઆત ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી, જે સમગ્રયતા ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબત માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

સહી/-

**(સ્વાતી બી. દેસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

નકલ રવાના :–

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી સંજય વિ.સવાણી પ્રતિ.....જાણ સારૂ.

# સેક્રેટરી ઓફિસ,

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં.ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | | નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૧૬, તા.૨૯–૭–૨૦૧૯ |

**પ્રથમ અપીલ ક્રમાંકઃ ૨૦૧૯/૮**

**અરજદારશ્રી :–**
શ્રી તલ્હાં ચાંદીવાલા.

**વિરુધ્ધ**

**સામાવાળા** :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય** :– અરજદારશ્રીની તા.૧૫–૬–૨૦૧૯ ના રોજની પ્રથમ અપીલ અરજી.

**સંદર્ભ** :– આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી તલ્હાં ચાંદીવાલાની તા.૨૫–૩–૨૦૧૯ ના રોજ કરેલ અરજી (આઈ.ડી.નં.૩૧૩૩)

**વંચાણમાં લીધું :–**

૧. શ્રી તલ્હાં ચાંદીવાલાની તા.૨૫–૩–૨૦૧૯ ની માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકાને કરેલ અરજી આઈ.ડી.નં.૩૧૩૩ (નમુનો–ક)

૨. એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા ધ્વારા જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ સહિત અન્ય ત્રણ જાહેર માહિતી અધિકારીશ્રીઓને તબદીલ કરેલ અરજીનો તા.૨૬–૩–૨૦૧૯ નો પત્ર. (નમુનો–ઘ)

૩. જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીનો તા.૩–૪–૨૦૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૫૪. (નમુનો–ખ)

૪. જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીનો તા.૮–૪–૨૦૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૫૫. (નમુનો–ગ)

૫. અરજદારશ્રી તલ્હાં ચાંદીવાલાની તા.૧૫–૬–૨૦૧૯ ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરેલ પ્રથમ અપીલ અરજી.

૬. પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીનો તા.૧૭–૭–૨૦૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૧૪

૭. જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી વિભાગ, સુરત મહાનગરપાલિકાનો તા.૧૮–૭–૨૦૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૧૯ (બિડાણ સહિત)

૨...

**<u>ફરીયાદની હકીકત</u> :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ અરજીના અરજદારશ્રી તલ્હાં ચાંદીવાલા, રહેઠાણ, ------------------------------------ સુરત તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ હેઠળ તા.૨૫–૩–૨૦૧૯ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અરજી કરેલ હતી. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા મારફત તેમના તા.૨૬–૩–૨૦૧૯ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ – ૩૧૩૩ થી અન્ય ત્રણ જાહેર માહિતી અધિકારીશ્રીઓ સહિત જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસને તબદીલ કરેલ હતી, જે અરજી અત્રેની કચેરીને તા.૨૭–૩–૨૦૧૯ ના રોજ મળેલ. સદર અરજીના અરજીના મુદ્દા નં.૧ થી ૯ પૈકી સેક્રેટરી ઓફિસને લાગુ પડતા અરજીના મુદ્દા નં.(૧) અને (૩) ની દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી **(આંશિક)** પુરી પાડવા અર્થે, જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીએ નિયત સમયમર્યાદામાં તેમના તા.૩–૪–૨૦૧૯ ના પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૫૪ થી અરજદારશ્રીને માહિતી મેળવવા જરૂરી ફી ભરવાનો પત્ર (નમૂનો–ખ) લખેલ હતો તથા અરજદારશ્રીએ તા.૪–૪–૨૦૧૯ ના રોજ માહિતી મેળવવા માટેની જરૂરી ફીની ભરપાઈ કરતા તથા ફી ભર્યા અંગેની રસીદ અત્રેની કચેરીને મળતા જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ ધ્વારા સેક્રેટરી ઓફિસને લાગત ઉપલબ્ધ રેકર્ડને આધારે અરજીના મુદ્દા નં.(૧) અને (૩) થી માંગેલ માહિતી **(આંશિક)** તેમના તા.૮–૪–૨૦૧૯ ના પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૫૫ (નમૂનો–ગ) થી અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હતી.

સબબ, તા.૧૫–૬–૨૦૧૯ ના રોજ અરજદારશ્રીએ પ્રથમ અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને, કુલ–૪ જાહેર માહિતી અધિકારીશ્રીઓને અનુલક્ષીને "અરજી સંબંધિત માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવી તેઓએ ભ્રષ્ટાચાર આચરેલ હોય તેવું જણાય છે તેથી બદશય પૂર્વક માહિતી છુપાવેલ છે. વિગેરે કારણો રજુ કરી એકજ કોમન પ્રથમ અપીલ નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે રજુ કરેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલમાં જણાવેલ કુલ–૪ જાહેર માહિતી અધિકારી પૈકી ક્રમ નં.૩ ના જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ખાતાને સદર અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર (સેન્ટ્રલ ઝોન) ધ્વારા તા.૧૯–૬–૨૦૧૯ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૧૨૪ (નમુનો–ઘ) થી તબદીલ ધ્વારા મળેલ હતી. પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીએ તા.૧૭–૭–૨૦૧૯ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૧૪ થી તા.૨૦–૭–૨૦૧૯ ના રોજ બપોરે ૧૨–૦૦ કલાકે અરજદારશ્રી તલ્હાં ચાંદીવાલાને તેમજ સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસને અરજદારશ્રીની માહિતી માંગતી તા.૨૫–૩–૨૦૧૯ ની અરજી (આઈ.ડી.નં.૩૧૩૩)ના અનુસંધાને કરેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા અને અપીલની સુનવણી બાબતે રૂબરૂ હાજર રહેવા જણાવેલ.

જે અન્વયે સામાવાળા જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસએ તા.૧૮–૭–૨૦૧૯ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૧૯ થી જરૂરી બિડાણોની સાબિતી સહ પોતાનો પક્ષ(પુતતા અહેવાલ) પુરાવાઓ સહિત રજુ કરેલ છે.

તા.૨૦–૭–૨૦૧૯ ના રોજ સેક્રેટરી ઓફિસ ખાતે રાખેલ સુનાવણીમાં **અરજદારશ્રી તલ્હાં ચાંદીવાલા રૂબરૂ હાજર રહયા ન હતા જયારે સામાવાળા પક્ષે જા.મા.અ. અને અંગત મદદનીશ શ્રી સહદેવસિંહ એસ. ઝાલા સુનાવણીમાં નિયત સમયે હાજર રહી સુનવણી દરમ્યાન પુર્તતા અહેવાલમાં જણાવેલ તમામ વિગતો સાબિતી સહ એપેલેટ ઓથોરીટી સમક્ષ રજુ કરી અપીલ તબકકે આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે.** તેમણે જણાવ્યું કે, અરજદારશ્રીની તા.૨૫–૩–૨૦૧૯ ના રોજની માહિતી માંગતી અરજીના મુદ્દા નં.૧ થી ૯ પૈકી સેક્રેટરી ઓફિસને લાગુ પડતા અરજીના મુદ્દા નં.(૧) અને (૩) ની દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી(આંશિક) અરજદારશ્રી ધ્વારા તા.૪–૪–૨૦૧૯ ના રોજ જરૂરી ફી ભર્યેથી તા.૮–૪–૨૦૧૯ ના રોજ નમુનો–ગ માં નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોય, સઘળી હકીકતો ધ્યાને લઈ પ્રથમ અપીલ દફતરે કરવા વિનંતી કરેલ છે.

**અરજદારશ્રીની મુળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, સામેવાળા પક્ષે કરેલ લેખિત તેમજ મૌખિક રજુઆતો વિગેરે સઘળી બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**<u>હુકમ</u>**

**" અરજદારશ્રી તલ્હાં ચાંદીવાલાની તા.૨૫–૩–૨૦૧૯(આઈ.ડી.નં.૩૧૩૩) ની મૂળ અરજીના મુદ્દા નં.(૧) થી (૯) અન્વયે માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેના મુદ્દા નં.(૧) અને (૩) બાબતે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમયમર્યાદામાં સેક્રેટરી ઓફિસના દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી(આંશિક) પુરી પડાયેલ હોય, પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યથાયોગ્ય રાખવામાં આવે છે અને અરજદારશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબત માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફિસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે સદર હુકમ મળ્યેથી દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

સહી/-

**(સ્વાતી પી. દસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરી**
**સેક્રેટરી વિભાગ, સુરત મહાનગરપાલિકા.**

<u>નકલ રવાના</u> :–

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી તલ્હાં ચાંદીવાલા પ્રતિ... જાણ સારૂ.

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

બીજો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,
સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૨૧૪.

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૧૮
તા.૧૬-૮–૨૦૧૯

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૧૯/૧૧**

**અરજદાર :–**
શ્રી દિલીપકુમાર નટવરલાલ પારેખ

**વિરુધ્ધ**

**સામેવાળા :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એક્ટ હેઠળ શ્રી દિલીપકુમાર નટવરલાલ પારેખની તા.૪–૭–૨૦૧૯ ની અરજી આઈ.ડી.નં.૯૦૬ બાબત.

**સંદર્ભ:** વિવાદીશ્રીની તા.૨૪–૭–૨૦૧૯ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧. અરજદારશ્રી દિલીપકુમાર નટવરલાલ પારેખની તા.૪–૭–૨૦૧૯ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની અધિકારીશ્રી, આર.ટી.આઈ. સેલની કચેરી, મધ્યસ્થ કચેરી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૯૦૬. (નમુનો–ક)

૨. અરજદારશ્રી દિલીપકુમાર નટવરલાલ પારેખની તા.૧–૬–૨૦૧૯ ના રોજની મ્યુ.કમિશનરશ્રીને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી.

૩. પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી , આર.ટી.આઈ.સેલનો તા.૬–૭–૨૦૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ સેલ/૬૫(નમૂનો–ઘ)

૪. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૨૦–૭–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૨૧ (નમુનો–ગ)

૫. જા.મા.અ.,એસેસમેન્ટ અને રીકવરી અધિકારી(ઉ) અને ઈ.ચા. નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન)નો તા.૨૬–૭–૨૦૧૯ નો પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૧૯૦

૬. પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૫–૮–૨૦૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૧૭

૭. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૭–૮–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૩૬

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારશ્રી શ્રી દિલીપકુમાર નટવરલાલ પારેખ , સુરત દ્વારા <u>તા.૧–૬–૨૦૧૯ ના રોજ (૧) મ્યુનિસિપલ કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા (૨) મા.મેયરશ્રી, સુરત મહાનગરપાલિકા અને (૩) અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તેમાં જણાવેલ વિષય અન્વયે ત્રણ અલગ અલગ સાદી સ્વતંત્ર અરજી દ્વારા વિવિધ મુદ્દાઓથી રજુઆત કરેલ હતી.</u>

અરજદારશ્રીએ તા.૧–૬–૨૦૧૯ ના રોજ કરેલ ત્રણ અલગ અલગ અરજીના અનુસંધાને સબંધિત જવાબદાર અધિકારીશ્રીઓએ કરેલ કાયદેસર કાર્યવાહી અંગેના રીપોર્ટો મુદ્દાસર આપવા બાબતે તા.૪–૭–૨૦૧૯ ના રોજ આર.ટી.આઈ. એકટ હેઠળ અધિકારીશ્રી, આર.ટી.આઈ. સેલની કચેરી, મધ્યસ્થ કચેરી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અરજી કરેલ હતી. જે આઈ.ડી.નં.૯૦૬ થી નોંધાયેલ હતી.

સદર અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્રને મળ્યેથી તેઓએ **તા.૫–૭–૨૦૧૯ ના** પત્ર નં.સીસીસી.સીઝેડ/ આર.ટી.આઈ./આઉટ–૯૦૬ થી પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી, આર.ટી.આઈ.સેલને તબદીલ(**પ્રથમ ટ્રાન્સફર**) કરેલ હતી ત્યારબાદ તેમણે તા.૬–૭–૨૦૧૯ ના રોજ પત્ર નં.આરટીઆઈ સેલ/૬૫ થી **દ્વિતિય ટ્રાન્સફર કરી એકીસાથે કુલ–૩ જાહેર માહિતી અધિકારી** (૧) પી.એ. અને જાહેર માહિતી અધિકારી(સેક્રેટરી વિભાગ),(૨) પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ કચેરી) અને (૩) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(રાંદેર ઝોન) પ્રતિ સંપુર્ણ તબદીલ કરેલ હતી. જે પૈકી **સેક્રેટરી ઓફિસ,સુરત મહાનગરપાલિકાને તા.૮–૭–૨૦૧૯ ના રોજ સદર અરજી મળેલ છે.**

અરજદારશ્રીની માહિતી માંગતી તા.૪–૭–૨૦૧૯ ના રોજની અરજીના અનુસંધાને માત્ર સેક્રેટરી ઓફિસને લાગત બાબતેની માહિતી પુરી પાડવા અર્થે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશએ તા.૧૦–૭–૧૯ ના રોજ મા.મેયરશ્રીની કચેરી તેમજ અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિને પત્ર પાઠવેલ હતો. જેના અનુસંધાને પી.એ. ટુ મેયરશ્રી ધ્વારા તા.૧૦–૭–૨૦૧૯ ના પત્ર નં.એમ./૨૮ તથા અંગત મદદનીશ, અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિના તા.૧૧–૭–૨૦૧૯ ના પત્ર નં.અધ્યક્ષ/સ્થા.સ./ આર.ટી.આઈ./૪ થી સદર બાબતેની માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી ધ્વારા સદર પત્રોથી મળેલ માહિતીના અનુસંધાનમાં સમયમર્યાદામાં અરજદારશ્રીને તા.૨૦–૭–૨૦૧૯ ના પત્ર **નં.આરટીઆઈ/ સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૨૧ ( 'નમુનો–ગ' ) થી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેની રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી પુરી પાડવામાં આવેલ છે.**

સબબ, **તા.૨૪–૭–૧૯ ના** રોજ અરજદાર ધ્વારા શ્રી સહદેવસિંહ એસ.ઝાલા જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, અપીલ અધિકારીશ્રી સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશી/સંબોધીને, તેઓ ધ્વારા **નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૨૧ થી આપવામાં આવેલ માહિતી(નમુનો–ગ) ની સામે** અને ૫.ઝોન સુરતનાં ઉચ્ચઅધિકારીઓ લેખિત અરજી સંદર્ભે કાર્યવાહી કરતા નથી, ફરજમાં બેદરકારી દાખવે છે અરજદારોને જવાબ આપતા નથી વિગેરે **અપીલ માટેના કારણો** જણાવી નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે. જે જાહેર માહિતી અધિકારી, એસેસમેન્ટ અને રીકવરી અધિકારી(ઉ) અને ઈ.ચા.નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન)ના તા.૨૬–૭–૨૦૧૯ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૧૯૦ ધ્વારા **સંપૂર્ણ તબદીલ થઈ તા.૩૦–૭–૨૦૧૯ ના રોજ સેક્રેટરી ઓફિસ ખાતે પ્રથમ અપીલ અરજી મળેલ છે.**

આમ, અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલમાં જણાવેલ સેક્રેટરી વિભાગના જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ અને તેમના ધ્વારા આપવામાં આવેલ માહિતી(નમુનો–ગ) ની સામે અપીલ કરાયેલ વિગતો ધ્યાને લઈ પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીએ તા.૬–૮–૨૦૧૯ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૧૭ થી તા.૮–૮–૨૦૧૯ ના રોજ બપોરે ૧૨–૦૦ કલાકે અરજદારશ્રી દિલીપકુમાર નટવરલાલ પારેખ અને સામાવાળા જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજી(આઈ.ડી.૯૦૬)ના અનુસંધાને કરેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા અને રૂબરૂ હાજર રહેવા જણાવેલ.

જે અન્વયે પ્રતિવાદી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસએ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૩૬ થી જરૂરી બિડાણો /પુરાવાઓ સહિત અપીલ તબકકે આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે.

તા.૮–૮–૨૦૧૯ ના રોજ બપોરે ૧૨–૦૦ કલાકે રાખવામાં આવેલ સુનવણીમાં અરજદારશ્રી દિલીપકુમાર નટવરલાલ પારેખ અને સામાવાળા તરફે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ હાજર રહયા હતા.

સુનવણી દરમ્યાન, સામાવાળા જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીએ અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી અન્વયે માત્ર સેક્રેટરી ઓફિસને લાગત બાબતેની દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે તેની સાબિતી સહ વિગતો અરજદાર સમક્ષ રજુ કરેલ હતી. **જે તમામ સાબિતિ સહ વિગતો પુરાવાઓ સહિત અરજદારશ્રીએ ગ્રાહય રાખ્યા હતા અને માત્ર સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેની માહિતી સંપુર્ણ પણે મળી ગયેલ છે તેવું સ્વીકારેલ છે અને સાથેસાથે અરજદારશ્રીએ જણાવ્યું હતું કે, તેમની તા.૧–૬–૨૦૧૯ ના રોજ મ્યુનિસિપલ કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તેમાં જણાવેલ વિષય અન્વયે સાદી અરજી ધ્વારા વિવિધ મુદ્દાઓથી રજુઆત કરેલ હતી. જે બાબતે આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૪–૭–૨૦૧૯ ના રોજ** અરજી બાબતે **જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર, રાંદેર ઝોન ધ્વારા** તા.૨૪–૭–૨૦૧૯ ના રોજના પત્ર આર.ટી.આઈ સેલ, આઉટવર્ડ નં.૧૧૨૭ અન્વયે ફી ભરવાનો પત્ર મળ્યેથી, તા.૩૦–૭–૨૦૧૯ ના રોજ નકલ ફી ભર્યેથી તા.૨–૮–૨૦૧૯ ના રોજના પત્ર નં.પ.ઝોન/આ.નં./૧૨૨૦ અન્વયે માહિતી મળેલ છે.

આમ, અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલ અરજી કર્યા બાદ જાહેર માહિતી અધિકારી, રાંદેર ઝોન મારફત મ**ળેલ માહિતી બાબતે સંતોષ નહિં હોવાથી તથા પ્રથમ અપીલ અન્વયે રાંદેર ઝોનને અનુલક્ષીને જણાવવામાં આવેલ અપીલના કારણો ધ્યાને લઈ નહિં પુરી પડાયેલ માહિતી અર્થે અપીલ અરજી રાંદેર ઝોન ખાતે તબદીલ કરવા સુનવણી દરમ્યાન જણાવેલ છે.**

વધુમાં, સામાવાળા જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીએ સુનવણી અંતે અરજદારશ્રીને સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેની રેકર્ડ પર ઉપલબ્ધ સંપુર્ણ હકીકતલક્ષી માહિતી સમયમર્યાદામાં આપવામાં આવેલ હોય અને અરજદારશ્રીએ પણ તે માન્ય રાખેલ હોવાથી સદર અપીલ અરજી માત્ર સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે દફતરે કરવા વિનંતી કરેલ છે.

વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, અરજદારશ્રી/સામેવાળાશ્રીએ કરેલ અરજી/રજુઆતો/પુરાવાઓ/દલીલો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## હુકમ

" અરજદારશ્રી દિલીપકુમાર નટવરલાલ પારેખની તા.૪–૭–૧૯ ની મૂળ અરજી (આઈ.ડી.૯૦૬) થી માંગવામાં આવેલ માહિતી બાબતે સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમય મર્યાદામાં ઓફિસના દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પડાયેલ હોઈ, પાઠવવામાં આવેલ પ્રર્ત્યુતર યથાયોગ્ય રાખવામાં આવે છે.

અરજદારશ્રી ધ્વારા સુનવણી સમયે કરવામાં આવેલ મૌખિક રજુઆત અન્વયે સદર પ્રથમ અપીલ કર્યા બાદ જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર, રાંદેર ઝોન ધ્વારા આપવામાં આવેલ તા.૪–૭–૧૯ ની મૂળ અરજી (આઈ.ડી.૯૦૬)ની માહિતી બાબતે અરજદારશ્રીને સંતોષ નહિં હોવાથી તેમજ અપીલ અરજીમાં જણાવેલ અપીલ માટેનું કારણ ધ્યાને લેતા અરજદારશ્રીની અપીલ અરજી રાંદેર ઝોન ખાતેના લાગત અધિકારીને તબદીલ કરવી.

આમ, સમગ્રયતા ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નહીં હોવાથી અને સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબત માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

સહી/-

(સ્વાતી પી. દેસાઈ)
પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

નકલ રવાના :–

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી દિલીપકુમાર નટવરલાલ પારેખ પ્રતિ.....જાણ સારૂ.

# સેક્રેટરી ઓફિસ,

**ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.**

**ફોન નં.ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦**

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | | નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૨૧,<br>તા.૧૭–૯–૨૦૧૯ |

**<u>પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૧૯/૧૦</u>**

**<u>અરજદારશ્રી</u> :–**

શ્રી નરેશભાઈ એન. બથવાર,

**<u>વિરુધ્ધ</u>**

**<u>સામાવાળા</u>** :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત.

**<u>વિષય</u>** :– અરજદારશ્રીની તા.૨૫–૭–૨૦૧૯ ના રોજની પ્રથમ અપીલ અરજી.

**<u>સંદર્ભ</u>** :– આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારની તા.૨૧–૬–૨૦૧૯ ના રોજ કરેલ અરજી (આઈ.ડી.નં.૭૪૦)

**<u>વંચાણમાં લીધું</u> :–**

૧. શ્રી નરેશભાઈ એન. બથવારની તા.૨૧–૬–૨૦૧૯ ની માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જાહેર માહિતી અધિકારી અને આસીસ્ટન્ટ મોટર મિકેનીક અધિકારીશ્રી, મોટર વ્હીકલ ડેપો, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી આઈ.ડી.નં.૭૪૦ (નમુનો–ક)

૨. શ્રી નરેશભાઈ એન. બથવારની તા.૨૫–૭–૨૦૧૯ ના રોજની મ્યુ.કમિશનરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી (વર્કશોપ) તથા સેક્રેટરીશ્રી, સેક્રેટરી વિભાગ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ પ્રથમ અપીલ અરજી.

૩. પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૨૯–૮–૨૦૧૯ નો પત્ર નં. આર.ટી.આઈ. /સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૧૮.

૪. જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી નો તા.૨૯–૮–૨૦૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૫૫.

**<u>ફરીયાદની હકીકત</u> :–**

આ કેસની ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ અરજીના અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર, ત તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ હેઠળ તા.૨૧–૬–૨૦૧૯ ના રોજ જાહેર માહિતી અધિકારી અને આસીસ્ટન્ટ મોટર મિકેનીક અધિકારીશ્રી, મોટર વ્હીકલ ડેપો, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને માહિતી માંગતી અરજી (નમુનો–ક) કરેલ હતી. જે અરજી એકઝીકયુટીવ

આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા ધ્વારા તેમના તા.૨૪–૬–૨૦૧૯ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ–૭૪૦ થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રી, મ્યુનિ.વર્કશોપને તબદીલ કરેલ હતી. **સદર અરજી સુરત મહાનગરપાલિકાના એક જ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી. સદર અરજી સેક્રેટરી ઓફિસ ખાતે મોકલવામાં આવેલ નથી.**

અરજદારશ્રીએ તા.૨૧–૬–૨૦૧૯ ના રોજની અરજી કર્યાના ૩૦ દિવસમાં નમુનો "ખ" કે "ગ" માં પ્રતિભાવ મળ્યો નથી એવું અપીલ માટેનું કારણ દર્શાવી નારાજ થઈ અરજદારશ્રીએ તા.૨૫–૭–૨૦૧૯ ના રોજ મ્યુ.કમિશનરશ્રી, મધ્યસ્થ કચેરી, ને સંબોધીને કાર્યપાલક ઈજનેરશ્રી (વર્કશોપ), સેક્રેટરી ઓફિસરશ્રી, સેક્રેટરી વિભાગ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને પ્રથમ અપીલ અરજી કરેલ હતી. સદર પ્રથમ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્કશ્રી (મધ્યસ્થ કચેરી), સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૬–૭–૨૦૧૯ ના પત્ર નં.સી./એફ.એ.પી./૧૧ થી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (મ્યુ.વર્કશોપ અને ઓટો સ્ટોર્સ) અને સેક્રેટરી વિભાગને એકીસાથે તબદીલ કરવામાં આવેલ. જે સેક્રેટરી ઓફિસને તા.૨૬–૭–૨૦૧૯ ના રોજ મળેલ છે.

અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અન્વયે પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીએ અરજદારશ્રીની તા.૨૧–૬–૨૦૧૯ (આઈ.ડી.નં.૭૪૦) ની મુળ અરજી (નમુનો–ક) ના અનુસંધાને કરેલ કાર્યવાહીની વિગતો જરૂરી પેપર્સ સહિતનો આધાર સહ પક્ષ રજુ કરવા તા.૨૯–૮–૨૦૧૯ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૧૮ થી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસને પત્ર પાઠવેલ હતો. જે પત્રના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીએ તેમના તા.૨૯–૮–૨૦૧૯ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૫૫ થી જણાવેલ છે કે, **"અરજદારશ્રી ધ્વારા તા.૨૧–૬–૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ મુળ અરજી (નમુનો–ક) સેક્રેટરી ઓફિસને ઉદ્દેશીને કરેલ ન હતી તથા સદર મુળ અરજી (નમુનો–ક) એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરા, સુરત મહાનગરપાલિકા મારફત કે અન્ય કોઈ જાહેર માહિતી અધિકારીશ્રી મારફત પણ સેક્રેટરી ઓફિસને તબદીલી ધ્વારા મળેલ નથી. જેથી અરજદારશ્રીની તા.૨૧–૬–૨૦૧૯ ના રોજ કરેલ અરજી (આઈ.ડી.નં.૭૪૦) ના સંદર્ભમાં કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી"** એવી હકીકતલક્ષી રજુઆત/પક્ષ રજુ કરેલ છે.

**સબબ, અરજદારશ્રીએ માહિતી માંગતી મુળ અરજી (નમુનો–ક) જાહેર માહિતી અધિકારી અને આસીસ્ટન્ટ મોટર મિકેનીક અધિકારીશ્રી, મોટર વ્હીકલ ડેપો, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ હોય તેમજ સદર મુળ અરજી સેક્રેટરી ઓફિસને તબદીલી કે અન્ય કોઈપણ માધ્યમ ધ્વારા મળેલ ન હોય અને અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં પક્ષકાર તરીકે અપીલ અધિકારી અને સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને સામેલ કરેલ હોય,** અરજદારશ્રીની મુળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, સામેવાળા પક્ષે કરેલ રજુઆતો વિગેરે સઘળી બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

૩...

## હુકમ

" અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારની તા.૨૬–૭–૨૦૧૯(આઈ.ડી.નં.૭૪૦) ની મુળ અરજી (નમુનો–ક) સેક્રેટરી ઓફિસને અરજદારશ્રી ધ્વારા કે અન્ય કોઈ વિભાગ મારફત તબદીલી ધ્વારા મળેલ ન હોય જે અંગે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ ધ્વારા કરવામાં આવેલ રજુઆતો સહિત પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યથાયોગ્ય રાખવામાં આવે છે.

અરજદાશ્રીની પ્રથમ અપીલ અરજી સાથે તેઓની મુળ અરજી (નમુનો–ક) ની એક નકલ સેક્રેટરી વિભાગને મળેલ હોય અરજદારશ્રીની તા.૨૧–૬–૨૦૧૯ (આઈ.ડી.નં.૭૪૦) ની માહિતી માંગતી અરજીના સંદર્ભમાં સેક્રેટરી વિભાગને લાગત માહિતી આર.ટી.આઈ. એક્ટની કલમ–૭(૬) હેઠળ વિનામુલ્યે અરજદારશ્રીને તાકીદે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી વિભાગને જણાવવામાં આવે છે અને પ્રથમ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નહીં હોવાથી "અરજદારશ્રીની અપીલ અરજી સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતો માટે જ દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફિસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે સદર હુકમ મળ્યેથી દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

સહી/-

O/C

(સ્વાતી પા. દસાઇ)
પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરી
સેક્રેટરી વિભાગ, સુરત મહાનગરપાલિકા.

**નકલ રવાના :–**

ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર પ્રતિ... જાણ સારૂ.

# સેક્રેટરી ઓફિસ,

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં.ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦

| RIGHT TO INFORMATION | | નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૨૨, તા.૨૦–૯–૨૦૧૯ |
|---|---|---|

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૧૯/૧૩**

**અરજદારશ્રી :–**
શ્રી નરેશભાઈ એન. બથવાર,

**વિરુધ્ધ**

**સામાવાળા** :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય** :– અરજદારશ્રીની તા.૧૯–૮–૨૦૧૯ ના રોજની પ્રથમ અપીલ અરજી.

**સંદર્ભ** :– આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારની તા.૨૪–૭–૨૦૧૯ ના રોજ કરેલ અરજી (આઈ.ડી.નં.૧૦૯૯)

**વંચાણમાં લીધું :–**

૧. શ્રી નરેશભાઈ એન. બથવારની તા.૨૪–૭–૨૦૧૯ ની માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જાહેર માહિતી અધિકારી અને આસીસ્ટન્ટ સેક્રેટરીશ્રી, સુરત મહાનગરપાલિકાને કરેલ અરજી આઈ.ડી.નં.૧૦૯૯ (નમુનો–ક)

૨. જાહેર માહિતી અધિકારી અને એસેસમેન્ટ અને રીકવરી અધિકારીશ્રી(ઉ.) અને ઈ.ચા.નાગરિક સુવિધા કેન્દ્ર (સે.ઝોન), સુરત મહાનગરપાલિકા, મુગલીસરા ધ્વારા જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ સહિત સેકશન ઓફિસરશ્રી અને જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ મહેકમને તબદીલ કરેલ અરજીનો તા.૨૬–૭–૨૦૧૯ નો પત્ર. (નમુનો–ઘ)

૩. જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીનો તા.૧૪–૮–૨૦૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૪૬. (નમુનો–ગ)

૪. અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારની તા.૧૯–૮–૨૦૧૯ ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને કરેલ પ્રથમ અપીલ અરજી.

૫. પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીનો તા.૩૦–૮–૨૦૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી /અપીલ/૨૦૧૯/૧૯

૬. જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીનો તા.૩૦–૮–૨૦૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૫૬

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ અરજીના અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર,

તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫

ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ હેઠળ તા.૨૪–૭–૨૦૧૯ ના રોજ જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અરજી કરેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારી અને એસેસમેન્ટ અને રીકવરી અધિકારીશ્રી (ઉ.) અને ઈ.ચા.નાગરિક સુવિધા કેન્દ્ર (સે.ઝોન), સુરત મહાનગરપાલિકા, મુગલીસરા મારફત તેમના તા.૨૬–૭–૨૦૧૯ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ. /આઉટ – ૧૦૯૯ થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રી, મધ્યસ્થ મહેકમ અને જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસને એકીસાથે તબદીલ કરેલ હતી, જે અરજી સેક્રેટરી ઓફિસને તા.૨૯–૭–૨૦૧૯ ના રોજ મળેલ. સદર અરજીના સેક્રેટરી ઓફિસને લાગત મુદ્દા નં.(૧) અને (૨) થી માંગેલ માહિતીના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી ધ્વારા તેમના તા.૧૪–૮–૨૦૧૯ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૪૬ (નમૂનો–ગ) થી કચેરીના દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હતી.

સબબ, અરજદારશ્રીએ તા.૧૯–૮–૨૦૧૯ ના રોજ મ્યુ.કમિશનરશ્રી, અપીલ અધિકારીશ્રી, મુખ્ય સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને "અમો અરજદારને માંગેલ માહિતીની નકલો પુરી પાડવામાં આવેલ નહિ" એવું કારણ રજુ કરી નારાજ થઈ આર.ટી.આઈ. એકટની કલમ–૧૯(૧) અન્વયે પ્રથમ અપીલ અરજી નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે રજુ કરેલ.

અરજદારશ્રીની સદર પ્રથમ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર (સેન્ટ્રલ ઝોન) ધ્વારા તેમના તા.૨૦–૮–૨૦૧૯ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૨૩૯ (નમુનો–ઘ) થી તબદીલી ધ્વારા સેક્રેટરી ઓફિસને મળેલ હતી. અરજદારશ્રીની સદર પ્રથમ અપીલ અરજીના અનુસંધાનમાં પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીએ તા.૩૦–૮–૨૦૧૯ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૧૯ થી તા.૩–૯–૨૦૧૯ ના રોજ બપોરે ૧૨–૦૦ કલાકે પ્રથમ અપીલની સુનાવણી અર્થે અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારને તેમજ સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસને તેઓની રજુઆત સંદર્ભે આધાર–પુરાવા સહ રૂબરૂ હાજર રહેવા જણાવેલ તેમજ જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીને અરજદારશ્રીની માહિતી માંગતી તા.૨૪–૭–૨૦૧૯ ની અરજી (આઈ.ડી.નં.૧૦૯૯) ના અનુસંધાને કરેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા જણાવેલ.

જે અન્વયે સામાવાળા જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસએ તેમના તા.૩૦–૮–૨૦૧૯ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૫૬ થી જરૂરી બિડાણો/પુરાવાઓ સહિત આધાર સહ તેવો પોતાનો પક્ષ (પુર્તતા અહેવાલ) રજુ કરેલ છે.

તા.૩–૯–૨૦૧૯ ના રોજ સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે રાખવામાં આવેલ સુનાવણીમાં **"અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર રૂબરૂ હાજર રહેલ નથી તેમજ અપીલની સુનાવણી વખતે તેમની ગેરહાજરી બાબતે કે અપીલ તબકકે પોતાનો પક્ષ કોઈપણ રીતે રજુ કરેલ નથી. જયારે સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી સહદેવસિંહ એસ. ઝાલા સુનાવણીમાં નિયત સમયે હાજર રહી સુનાવણી દરમ્યાન પુર્તતા અહેવાલમાં જણાવેલ તમામ વિગતો સાબિતી સહ એપેલેટ ઓથોરીટી સમક્ષ રજુ કરી અપીલ તબકકે આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે."** તેમણે જણાવેલ છે કે, અરજદારશ્રીની તા.૨૪–૭–૨૦૧૯ ની (આઈ.ડી.નં.૧૦૯૯) ના રોજની

માહિતી માંગતી અરજીના સેક્રેટરી ઓફિસને લાગુ પડતા અરજીના મુદ્દા નં.(૧) અને (૨) થી માંગેલ દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી તા.૧૪–૮–૨૦૧૯ ના રોજ નમુનો–ગ માં નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોય, સઘળી હકીકતો ધ્યાને લઈ પ્રથમ અપીલ દફતરે કરવા વિનંતી કરેલ છે.

જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ ધ્વારા અરજદારશ્રીને તેમની અરજીથી માંગેલ સેક્રેટરી ઓફિસને લાગત માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે તેવું સ્પષ્ટ જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, સામેવાળા પક્ષે કરેલ લેખિત તેમજ મૌખિક રજુઆતો વિગેરે સઘળી બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

"અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારની તા.૨૪–૭–૨૦૧૯ ની મુળ અરજી (આઈ.ડી.નં.૧૦૯૯) ના મુદ્દા નં.(૧) અને (૨) થી માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમયમર્યાદામાં તા.૧૪–૮–૨૦૧૯ ના રોજ સેક્રેટરી ઓફિસના દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પડાયેલ હોય, પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યથાયોગ્ય રાખવામાં આવે છે અને અરજદારશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબત માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફિસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેક્ટર–૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે સદર હુકમ મળ્યેથી દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

સહી/–

O/c

**(સ્વાતી પી. દેસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરી**
**સેક્રેટરી વિભાગ, સુરત મહાનગરપાલિકા.**

---

<u>નકલ રવાના</u> :–

ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર પ્રતિ... જાણ સારૂ.
ન.ર. :– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. સેલ પ્રતિ... જાણ સારૂ.

# સેક્રેટરી ઓફિસ, સુરત

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૨૧૪.

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૨૩
તા. ૨૦–૦૯–૨૦૧૯

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૧૯/૧૨**

**અરજદાર :–**
શ્રી રજનીકાંત ભોગીલાલ પટેલ

**વિરુધ્ધ**

**સામેવાળા :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એક્ટ હેઠળ શ્રી રજનીકાંત ભોગીલાલ પટેલની તા.૧૨–૭–૨૦૧૯ ની અરજી આઈ.ડી.નં.૯૮૩ બાબત.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૭–૮–૨૦૧૯ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧. અરજદારશ્રી રજનીકાંત ભોગીલાલ પટેલની તા.૧૨–૭–૨૦૧૯ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જા.મા.અ.અને આસી.સેક્રેટરીશ્રી,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૯૮૩. (નમુનો–ક)

૨. એકઝીક્યુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન)નો તા.૧૫–૭–૧૯ નો પત્ર નં.સી.સી.સી./સીઝેડ/આર.ટી.આઈ./આઉટ–૯૮૩

૩. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૨૬–૭–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૨૭ (નમુનો–ગ)

૪. અરજદારશ્રી રજનીકાંત ભોગીલાલ પટેલની તા.૭–૮–૨૦૧૯ ના રોજ પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.

૫. પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૬–૯–૨૦૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૨૦

૬. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૬–૯–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૫૮

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે. અરજદારશ્રી રજનીકાંત ભોગીલાલ પટેલ, ૨૦૫,

તરફથી માહિતીનો અધિકાર

અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ, તા.૧૨–૭–૨૦૧૯ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, આસી.સેક્રેટરી , સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અરજી કરેલ હતી, જે આઈ.ડી.નં.૯૮૩ થી નોંધાયેલ હતી. સદર અરજી એકઝીક્યુટીવ આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરા ધ્વારા તા.૧૫–૭–૨૦૧૯ ના રોજ નમુનો–ઘ થી જાહેર માહિતી અધિકારી, સેક્રેટરી વિભાગને તબદીલ કરવામાં આવેલ.

સદર અરજીમાં જણાવેલ વિગતેની સેક્રેટરી ઓફિસના રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ દ્વારા તા.૨૬–૭–૨૦૧૯ ના રોજ પત્ર નં. આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૨૭ થી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.

સબબ, અરજદારશ્રીએ જાહેર માહિતી અધિકારીશ્રી અને અંગત મદદનીશશ્રીના ઉકત જવાબથી નારાજ થઈ, અધુરી માહિતી આપવાનું અપીલ માટેનું કારણ જણાવી તા.૭–૮–૧૯ ના રોજ પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને, નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરા ખાતે પ્રથમ અપીલ રજુ કરેલ છે. સદર અપીલ અત્રેની ઓફિસે નાગરિક સુવિધા કેન્દ્રના તા.૭–૮–૧૯ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ–૨૨૧ (નમુનો–ઘ)થી ટ્રાન્સફર કરેલ, જે અત્રેની કચેરીએ તા.૯–૮–૨૦૧૯ ના રોજ મળેલ છે.

અરજદારશ્રીની અપીલ અરજી અન્વયે સેક્રેટરી ઓફિસને લાગત બાબતેની માહિતી માટે પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીએ તા.૬–૯–૨૦૧૯ ના પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૨૦ થી પ્રતિવાદી જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજી(આઈ.ડી.૯૮૩)માં જણાવેલ વિગતે તેને સંલગ્ન જરૂરી પેપર્સો સહિત કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ તાકીદે રજુ કરવા અને તા.૯–૯–૨૦૧૯ ના રોજ રૂબરૂ સુનવણી અર્થે જણાવેલ.

જે અન્વયે તા.૬–૯–૨૦૧૯ ના રોજ સામેવાળા જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીએ જરૂરી બિડાણો /પુરાવાઓ સહિત આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે. તેઓશ્રીએ જણાવેલ કે, અરજદારશ્રીની તા.૧૨–૭–૨૦૧૯ ના રોજની માહિતી માંગતી અરજી (આઈ.ડી.૯૮૩)થી માંગવામાં આવેલ સેક્રેટરી ઓફિસના દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ સંપુર્ણ માહિતી તા.૨૬–૭–૧૯ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૨૭ (નમુનો–ગ)થી સમયમર્યાદામાં આપવામાં આવેલ હોય, સેક્રેટરી ઓફિસ તરફે હવે કશું કરવાનું રહેતું નથી જેથી સદર અપીલ દફતરે કરવા વિનંતી કરેલ છે.

વધુમાં, તા.૯–૯–૨૦૧૯ ના રોજ સુનવણીમાં અરજદારશ્રી રજનીકાંત ભોગીલાલ પટેલ તેમજ સામેવાળા તરફે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી સહદેવસિંહ એસ. ઝાલા હાજર રહેલ. જાહેર માહિતી અધિકારીશ્રીએ સુનવણી દરમ્યાન પુર્તતા અહેવાલમાં જણાવેલ તમામ વિગતો સાબિતી સહ એપેલેટ ઓથોરીટી સમક્ષ રજુ કરી અપીલ તબકકે આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે. અરજદારશ્રીએ સામાવાળાની દલીલ સહ તમામ વિગતો સાંભળી, જોઈ ગ્રાહય રાખી હતી. અંતે જાહેર માહિતી અધિકારીશ્રીએ અરજદારશ્રીને દફતરી રેકર્ડ પર આધારીત સંપુર્ણ માહિતી સમયમર્યાદામાં આપવામાં આવેલ હોય સદર અપીલ અરજી દફતરે કરવા વિનંતી કરેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, અરજદારશ્રી/સામેવાળાએ કરેલ રજુઆતો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

" અરજદારશ્રી રજનીકાંત ભોગીલાલ પટેલની તા.૧૨–૭–૧૯ ની મૂળ અરજી (આઈ.ડી.૯૮૩)થી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમય મર્યાદામાં સેક્રેટરી ઓફિસના દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ હકીકતલક્ષી સંપુર્ણ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પડાયેલ હોઈ, પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યથાયોગ્ય રાખવામાં આવે છે અને સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નહીં હોવાથી, સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતે અરજદારશ્રીની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

સહી/–

(સ્વાતી પી. દેસાઈ)
પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

નકલ રવાના :–

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી રજનીકાંત ભોગીલાલ પટેલ પ્રતિ.

૬૧

# સેક્રેટરી ઓફિસ, સુરત

**ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.**
**ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૨૧૪.**

RIGHT TO INFORMATION

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૨૭
તા.૬–૧૨–૨૦૧૯

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૧૯/૧૫**

**અરજદાર :–**
શ્રી જીનલ મહેન્દ્રભાઈ નાયક

**વિરુધ્ધ**

**સામેવાળા :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી જીનલ મહેન્દ્રભાઈ નાયકની તા.૨૧–૮–૨૦૧૯ ની અરજી આઈ.ડી.નં.૨૬૬ બાબત.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૧–૧૦–૨૦૧૯ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું :–**

૧. અરજદારશ્રી જીનલ મહેન્દ્રભાઈ નાયકની તા.૨૧–૮–૨૦૧૯ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૨૬૬ (નમુનો–ક)
૨. પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ કચેરી)નો તા.૨૧–૮–૨૦૧૯ નો પત્ર નં.સી/આર.ટી.આઈ/૨૬૬ (નમૂનો–ઘ)
૩. શ્રીમતી કુમુદબેન જયેશચંદ્ર દેસાઈનો તા.૩૦–૮–૨૦૧૯ નો પત્ર.
૪. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૩–૯–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૫૬ (નમુનો–ગ)
૫. અરજદારશ્રી જીનલ મહેન્દ્રભાઈ નાયક ધ્વારા તા.૧–૧૦–૨૦૧૯ ના રોજ પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રી,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ
૬. પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૨૧–૧૦–૨૦૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૨૪
૭. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૨૨–૧૦–૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૮૫
૮. પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૧૫–૧૧–૨૦૧૯ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૨૫

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારશ્રી જીનલ મહેન્દ્રભાઈ નાયક, તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ (૧) હેઠળ તા.૨૧–૮–૨૦૧૯ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી અને મ્યુ.કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અરજી કરેલ હતી. જે આઈ.ડી.નં.૨૬૬ થી નોંધાયેલ હતી. સદર અરજી પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ કચેરી) ધ્વારા તા.૨૧–૮–૨૦૧૯ ના પત્ર નં.સી/આર.ટી.આઈ/૨૬૬ (નમૂનો–ઘ) થી એકીસાથે જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી(મુખ્ય હિસાબી વિભાગ)/આસી.સેક્રેટરી(સેક્રેટરી વિભાગ)/ સેકશન ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ–પેન્શન વિભાગ)/(મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ તબદીલ કરેલ હતી.

સદર માહિતી માંગતી અરજી સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને તા.૨૨–૮–૨૦૧૯ ના રોજ મળેલ છે. અરજદારશ્રીની માહિતી માંગતી અરજી બાબતે ત્રાહિત પક્ષકાર શ્રીમતી કુમુદબેન જયેશચંદ્ર દેસાઈએ તા.૩૦–૮–૨૦૧૯ ના રોજ જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસને ઉદ્દેશીને પત્રથી " આર.ટી.આઈ. એકટ હેઠળ મારી માંગવામાં આવેલ/આવનાર માહિતીના સંદર્ભમાં જણાવવાનું કે, મારી અંગત માહિતી કોઈપણ ત્રાહિત કે સંસ્થાને હું જાહેર કરવા માંગતી નથી." એવું જણાવેલ હતું.

આમ, અરજદારશ્રીની માહિતી માંગતી તા.૨૧–૮–૨૦૧૯ ના રોજની અરજી(આઈ.ડી.૨૬૬)ની સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેની માહિતી અર્થે, માહિતી માંગતી અરજીના ત્રાહિત પક્ષકાર શ્રીમતી કુમુદબેન જયેશચંદ્ર દેસાઈ ધ્વારા તા.૩૦–૮–૨૦૧૯ ના પત્રથી કરવામાં આવેલ લેખિત રજુઆત તેમજ આર.ટી.આઈ. એકટની કલમ–૧૧ ની જોગવાઈ ધ્યાને રાખી નિયત સમયમર્યાદામાં જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસે અરજદારશ્રીને તા.૩–૯–૨૦૧૯ ના પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/૨૦૧૯/૧૫૬(નમુનો–ગ) થી જવાબ પાઠવેલ હતો.

તા.૧–૧૦–૧૯ ના રોજ અરજદારે, જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીના નિર્ણયથી નારાજ થઈ, જાહેર માહિતી અધિકારીએ કાયદાનું ખોટં અર્થઘટન કરીને માહિતી આપેલ નથી, વિગેરે અપીલ માટેના કારણો જણાવી સેક્રેટરી ઓફિસ ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે.

સદર અપીલ અન્વયે પ્રથમ અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રીએ તા.૨૧–૧૦–૨૦૧૯ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૯/૨૪ થી તા.૨૩–૧૦–૨૦૧૯ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે અરજદારશ્રી જીનલ મહેન્દ્રભાઈ નાયક અને સામાવાળા જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજી (આઈ.ડી.૨૬૬)ના અનુસંધાને કરેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા અને રૂબરૂ હાજર રહેવા જણાવેલ. જે અન્વયે પ્રતિવાદી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસએ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/ ૨૦૧૯/૧૮૫ થી જરૂરી બિડાણો /પુરાવાઓ સહિત અપીલ તબકકે આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે.

તા.૨૩–૧૦–૨૦૧૯ ના રોજ સુનવણીમાં નિયત સમયે સામેવાળા તરફે જાહેર માહિતી અને અંગત મદદનીશ હાજર રહેલ હતા જયારે અરજદાર ગેરહાજર રહેલા હતા પરંતુ અરજદાર તરફે તેમના સબંધિ/પ્રતિનિધિ હાજર રહી પોતાની ઓળખ આપી હતી, જેની પુષ્ટી કર્યા બાદ તેઓ ધ્વારા કરવામાં આવેલ રજુઆત મુજબ, અરજદાર દિવાળી પછીની દિવસોમાં નવેમ્બર મહીનાના ત્રીજા કે ચોથા અઠવાડીયે પ્રથમ અપીલની સુનાવણી અર્થે હાજર રહી શકે તેમ હોવાથી સદર દિવસોમાં સુનાવણી રાખવા મૌખિક રજુઆત કરેલ, જે પ્રથમ અપીલ અધિકારીશ્રીએ ગ્રાહય રાખેલ હતી. જે અન્વયે પ્રથમ અપીલની સુનવણી(બીજીવખત) અરજદારશ્રીને અનુકુળ રહે તે જ તારીખે અને સમયે નકકી કરવા અર્થે માહિતી માંગતી અરજીમાં જણાવેલ મોબાઈલ નં.૯૪૨૬૮ ૧૪૦૯૯ ઉપર કુલ બે વખત ટેલીફોન કરવામાં આવેલ અને ટેલીફોનીક વાતચીત અન્વયે પ્રથમ અપીલની સુનવણી(બીજી વખત) તા.૨૨–૧૧–૨૦૧૯ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે મુકરર કરેલ હતી.

તા.૨૨–૧૧–૨૦૧૯ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે રાખવામાં આવેલ સુનવણીમાં (૧)અરજદાર શ્રી જીનલ મહેન્દ્રભાઈ નાયક અને (૨) તેમના સબંધિ/પ્રતિનિધિ હાજર રહયા હતા જયારે (૩)સામાવાળા તરફે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ હાજર રહયા હતા.

સુનવણી દરમ્યાન, સામાવાળા જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીએ જણાવ્યું કે, ત્રાહિત પક્ષકાર શ્રીમતી કુમુદબેન જયેશચંદ્ર દેસાઈએ તા.૩૦–૮–૨૦૧૯ ના રોજના પત્રથી "આર.ટી.આઈ. એકટ હેઠળ મારી માંગવામાં આવેલ/આવનાર માહિતીના સંદર્ભમાં જણાવવાનું કે, મારી અંગત માહિતી કોઈપણ ત્રાહિત કે સંસ્થાને હું જાહેર કરવા માંગતી નથી." જે ધ્યાને લઈ નિયતસમય દરમ્યાન અરજદારશ્રીને નમુનો–ગ ધ્વારા "આર.ટી.આઈ. એકટની કલમ–૧૧ હેઠળ ત્રાહિત પક્ષકારની માહિતી આપી શકાય તેમ નથી." જવાબ પાઠવેલ છે.

અરજદાર તરફે તેઓના સબંધિ/પ્રતિનિધિશ્રીએ જણાવ્યું હતું કે, માંગવામાં આવેલ માહિતી જાહેર હિત અર્થે છે, જેમાં વિશાળ હિત સમાયેલ છે, વિગેરે દલીલો કરી માંગવામાં આવેલ માહિતી પુરી પાડવા હુકમ કરવા વિનંતી કરેલ હતી, તેનો પ્રત્યુત્તર આપતા જાહેર માહિતી અધિકારીશ્રીએ જણાવ્યું કે,અરજદારે સુરત મહાનગરપાલિકાની સેક્રેટરી ઓફિસના **નિવૃત્ત કર્મચારી** શ્રીમતી કુમુદબેન જયેશચંદ્ર દેસાઈ બાબતેની માહિતી માંગેલ છે. જેઓ સદર કેસમાં ત્રાહિત પક્ષકાર છે. આમ, અરજદાર ધ્વારા માંગવામા આવેલ માહિતી, ત્રાહિત પક્ષકારને લગતી ખાનગી/અંગત બાબતને લગતી હોઈ અને વ્યકિતગત હિત હોઈ વિશાળ જાહેર હિતની સેવાઓ હેઠળ સિવાય અંગત માહિતી આપી જાહેર કરી શકાય નહી અને અત્રેના કેસમાં ત્રાહિત પક્ષકારે પત્ર અન્વયે જણાવ્યું કે, મારી અંગત માહિતી કોઈપણ ત્રાહિત કે સંસ્થાને હું જાહેર કરવા માંગતી નથી તેમજ વિશાળ જાહેર હિત સ્પષ્ટ રીતે જણાય આવતું નથી, જે સમગ્રયતા ધ્યાને લઈ અપીલ અરજી દફતરે કરવા વિનંતી કરેલ છે.

**વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, અરજદારશ્રી/સામેવાળાશ્રીએ કરેલ અરજી/રજુઆતો/પુરાવાઓ/દલીલો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

**"અરજદારશ્રી જીનલ મહેન્દ્રભાઈ નાયકની તા.૨૧–૮–૧૯ ની મૂળ અરજી (આઈ.ડી.૨૬૬) થી માંગવામાં આવેલ માહિતી નિયત સમયમર્યાદામાં જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ તરફથી માહિતી પુરી પડાયેલ હોઈ, પાઠવવામાં આવેલ પ્રર્ત્યુત્તર યથાયોગ્ય રાખવામાં આવે છે અને સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અત્રેના ખાતા પુરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

સહી/-

**(સ્વાતી પી. દેસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

નકલ રવાના :–

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી જીનલ મહેન્દ્રભાઈ નાયક પ્રતિ.....જાણ સારૂ.